સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

યુદ્ધ જાહેર કરતાં હિંમત ચરકે છે,
સરહદે સામસામા બિલાડા ઘૂરકે છે,
થડકે છે ભયથી સામી છાતીએ લડતાં -
આતંકી આડસ લઇને સૈન્ય ભૂરકે છે..
(પાકિસ્તાની સેના)

હાઈકુ

લડે નેતાઓ,
સાંપ્રદાયિકતા ને
ઢાલ બનાવી..
(દંગા મેદાને)

સાફા ના ભારે,
થયા નત મસ્તક?!
શાબ્દિક નમ્ર?
(હોદ્દા-પ્રસંગનું-ગૌરવ જાળવ્યું)

ચિંતન

સંયોજયતિ વિદ્યૈવ નીચગાપિ નરં સરિત । સમુદ્ર મિવ દુર્દર્ષ નૃપં ભાગ્યમતઃ પરમ્ ॥

'જેવી રીતે તદ્દન સામાન્ય પ્રવાહથી વહેતી નદી નાવમાં બેઠેલા માણસને ન પહોંચી શકાય એવા સમુદ્ર સુધી પણ પહોંચાડી શકે છે; એવી જ રીતે - સામાન્ય પરિવારમાં જન્મેલો માણસ વિદ્યા પ્રાપ્ત કરીને રાજા સાથે પણ મેળાપ-મુલાકાત કરાવી શકે છે, અને રાજાની મુલાકાત દ્વારા પોતાનું તેમજ પરિવારનું ભાગ્ય પણ ખીલી ઉઠે છે.'

વિદ્યા-અભ્યાસથી જ્ઞાન અને કૌશલ્ય પ્રાપ્ત થાય છે કેળવણી દ્વારા સારી નોકરી-ધંધો કે તક મળે છે નિષ્ણાત અને સફળ માણસોનો સંસર્ગ પ્રાપ્ત થાય છે અને એને પરિણામે વિકાસ સાથે પ્રગતિ થાય છે.

આપણા વડાપ્રધાનશ્રી મોદી એક ચાની કીટલી પર નોકરી કરતા હતા રાજકારણનો અભ્યાસ અને ઉચ્ચ પદવી ધરાવતા નેતાઓના સતત સંપર્કને કારણે આજે 'ભારતના વડાપ્રધાન'નું પદ પ્રાપ્ત કરી શક્યા.

એક સામાન્ય નાવ પણ નદીના પ્રવાહ સાથે ચાલી સમુદ્ર સુધી પહોંચી શકે છે. એ દ્રષ્ટાંતથી આ વાત સમજાવવામાં આવી છે.

સુવિચાર

- દાન માટે ટહેલ નાખવી કે જાહેર અપીલ કરવી પડે તે વાત સ્વયં સ્પષ્ટ છે કે માનવતા ને પ્રસંગે પ્રસંગે ઢંઢોળવી પડે તેવી મૃતઃપ્રાત સ્થિતિમાં છે **- સુધા મૂર્તિ**
- ઉદાર માણસને મન પૈસા તણખલા જેવા છે, વીરને માટે મરણ તૃણ સમાન છે, વૈરાગીને માટે સ્ત્રીનું મહત્ત્વ તણખલા સમાન છે, ઇચ્છા વિનાના માણસને માટે દુનિયા આખી તણખલા જેવી છે **- જ્ઞાન સૂત્ર**
- શ્વાસ લઇએ એટલું જ જીવન નહીં, પણ શ્વાસ કઇ રીતે સુવાસિત થાય તે વિચારવું એ જ સાચું જીવન છે **- મુનિ ભાનુચંદ્રજી**
- વાણીનો વિલાસ નહીં અને વાણીનો વ્યય પણ નહીં, વાણીનો વૈભવ પણ નહીં, અને વટ પણ ના જોઇએ, વાણી હૃદયની સરવાણી બને એટલું જોજો **- એસ. ભટ્ટાચાર્ય**
- જે પથ્થર નબળા માણસોને નડતરરૂપ થઇ પડતો હોય તે દ્રઢનિશ્ચયી લોકો માટે પગથિયાની ગરજ સારે છે **- ઇટાલીયન કહેવત**
- તમારી ભીંતરમાં બેઠેલું કોઇ અગોચર તત્ત્વ તમારા સારા કે ખરાબ વિચારોની પળેપળની તસવીર ખેંચે જાય છે, એટલે તમે તમને છેતરી શકશો નહીં **- ધ્યાનસૂત્ર**
- માણસ મરે છે એટલા માટે યુદ્ધ કરૂણ છે એવું નથી, માણસ મરે છે છતાંયે માણસને કરૂણા અને અરેરાટી સુદ્ધાં થતી નથી એ સ્થિતિ ચિંતાજનક છે **- રમેશ ઓઝા**

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

જેના જીવનમાં 'પ્રગતિ' માટેનો ઉન્માદ અને પરિશ્રમ તરફ પ્રેમ હોય એ નિશ્ચિત ધ્યેયને જરૂર હાંસલ કરે જ છે અને કોઇ 'મિડિયમ' નું માળખું કે 'કોલેજ'ના કમાડની જરૂર પડતી નથી કે, એના દરવાજા ખટખટાવવા પડે. જરૂર છે માત્ર 'ધગશ'ની.

માઇકલ ફેરેડેએ વિદ્યુત પ્રવાહની ચૂંબકીય અસર અને વિદ્યુતમોટરની શોધ કરી. આને લગતી બીજી અનેક શોધો થી એ વિશ્વવિખ્યાત વૈજ્ઞાનિક થયા.

૨૨ સપ્ટે. ૧૭૯૧માં ઇંગ્લેન્ડના એક નાના ગામમાં એ સાધારણ લુહારને ત્યાં જન્મ્યા. મોટા પરિવારને કારણે ગરીબી ગ્રસી ગઇ. ફેરાડે કોઇ નિશાળમાં ન જઇ શક્યા. પુસ્તક વિક્રેતાને ત્યાં નોકરી કરી. અખબાર વેંચવાનું અને બૂક-બાઇન્ડીંગનું કામ પણ શરૂ કર્યું. એમાં વિજ્ઞાનના રસને કારણે વિજ્ઞાન અને રસાયણના પુસ્તકો જે બાઇન્ડિંગમાં આવતાં એ રાતોરાત ઉજાગરા કરીને વાંચી લેતા. પ્રસિદ્ધ વિજ્ઞાની ડેવીડ હમ્ફ્રીને ત્યાં નોકરી મળી. વિજ્ઞાન રસને કારણે એમના સહાયક થયા.

૧૮૨૪માં રોયલ સોસાયટીનું સભ્યપદ અને ૧૮૫૭માં તેના વડા થયા. ઇંગ્લેન્ડના મહારાણી તરફથી 'નાઇટ'નો ગૌરવપ્રદ ખિતાબ મળ્યો.

આમ શાળા-સ્કૂલ-કોલેજ ગયા વિના મહાન વૈજ્ઞાનિક માત્ર 'મિ. ફેરેડે' તરીકે જ ઓળખાવવાનું પસંદ કરતા.

Email - sureshchandrabhatt18@gmail.com

પહેલી જ વારમાં નણંદ ખરાબ મિજાજની લાગી, તેનો પતિ કોઇ મોટી કંપનીમાં અધિકારી હતો અને તે મુંબઇ જેવા મોટા શહેરમાં રહેતી હતી

નવાં કલેવર

- નટવર હેડાઉ

અત્યારે મારું રોમ રોમ રડી રહ્યું છે. આટલું અપમાન અને નિરાદર તો કોઇ સંત કે મહાપુરૂષ પણ સહન ન કરી શકે. હું તો છું એક સાધારણ સ્ત્રી. હું તો ભગવાનને કહું છું કે ધરતી ફાટે અને હું તેમાં સમાઇ જાઉં. આ એક જ ઉપાય છે. આ પીડામાંથી મુક્ત થવા તો. હું ચીસો પાડી પાડીને કહેવા માંગતી હતી કે કોઇ મને પુછો તો ખરા કે ખરેખર સાચું શું છે? મેં એવું શું કર્યું કે મને મારી સાસુના મોત માટે જવાબદાર સમજી રહ્યાં છો. અને એ પણ આમ ખુલ્લેઆમ. મારી પાસે એનો કોઇ ઉપાય નથી કે મારા પર આરોપ લગાવતાં સંબધીઓ અને પાડોશીઓ સામેથી દૂર હટી જાઉં અને એક ખૂણામાં બેસીને રડતી રહું. અને એ સમયને દોષ દેતી રહું કે જયારે મારા માં-બાપે અભિલાષ સાથે મારાં લગ્નનો પ્રસ્તાવ સ્વીકાર્યો હતો.

સાસરામાં પહેલો દિવસ બહુ સુખદ રહ્યો ન હતો. આમ તો ચહલપહલ ખુબ હતી. બાળકો વહુને ઘેરીને બેસી રહેવા માંગતા હતા. આડોશ-પાડોશની સ્ત્રીઓ આવતી રહી અને વહુને આશીર્વાદ દઇ કૃતાર્થ કરતી રહી, સહસા એક મોટી ઉંમરની સ્ત્રીનો ગણગણાટ મારા કાને પડ્યો. 'બહેન વહુ તો સુંદર છે પણ દહેજ બહેજ કંઇ લાવી છે કે પછી હરિ હરિ? મેં વિચાર્યું સાસુમાં કહેશે કે અમે તો છોકરી માંગી હતી. એ જ અમારો દહેજ. પરંતુ આશ્ચર્ય સાથે મેં સાંભળ્યું. 'બહેન જેવું જેનું નસીબ બેન, જે મળ્યું, તે માટે શું દુઃખ લગાડવું?' આ એજ રમીલાબેન બોલતાં હતા. જે અઠવાડિયામાં ત્રણ દિવસ મારા પીયરમાં આંટા મારતા અને એવું કહેતાં થાકતા નહોતા કે અમારે તો ભણેલીગણેલી સુંદર છોકરી જોઇએ. બીજું કંઇ નહીં. મારા બાપુજીને આ જરા વિચિત્ર લાગેલું કારણ કે અમારી નાતમાં દહેજનો રિવાજ હતો. છતાં વરપક્ષ સામે ચાલીને દહેજ વગર દિકરી માંગતો હતો. કંઇ આડુંઅવળું તો નહીં હોય ને! છોકરા અને તેનાં કુટુંબમાં કંઇ વાંધાજનક તો નહીં હોય ને?

બે દિવસ પછી એક વધુ જોરનો ઝટકો ધીમેથી લાગ્યો. સંબંધમાં થતાં ફઇબા આવેલાં. મોં જોવા પહેલાં જ એ મારા પર તૂટી પડ્યાં. 'કેમ વહુ ઉઘાડા મોડે ફરે છે? મારી માં એ જો ન શીખવાડ્યું હોય તો તારી સાસુ પાસેથી શીખી લે. એ તો આ ઉંમરે પણ માથે ઢાંકી રાખે છે. મેં આ ઝાટકણીથી ગભરાઇને મદદ માટે સાસુની સામે જોયું. તેમણે માથે ઢાંકેલો છેડો જરા વધુ ખેંચી લીધો. અને ખુબ કડવાશથી કહ્યું. 'જુઓને આજકાલની ભણેલી ગણેલી છોકરીઓને કંઇ કહેવાય એમ જ નથી. પોતાનું ધાર્યું જ કરે છે.' મને તો આશ્ચર્ય થયું કે આ એ જ સ્ત્રી બોલી રહી હતી જે એમ કહેતી હતી કે મારા માટે તો દીકરીને વહુમાં કોઇ ફેર નથી. તેની દીકરી તો જીન્સને ટીશર્ટ પહેરી ખુલ્લા માથે ફરે છે. તેને તો કોઇએ કંઇ સલાહ ન આપી. ખબર નહીં આ લોકો કંઇ સદીમાં જીવે છે.

પહેલી જ વારમાં નણંદ ખરાબ મિજાજની લાગી. તેનો પતિ કોઇ મોટી કંપનીમાં અધિકારી હતો. અને તે મુંબઇ જેવા મોટા શહેરમાં રહેતી હતી. તેને સાસરામાં ઝાઝો વખત રહેવું પડેલું નહોતું એ બહુ જલ્દી તેના પતિ પાસે જતી રહી હતી. તેને હું ગમી નહોતી, એ વાતને તેણે છુપાવવાની કોશિષ પણ બિલકુલ કરી ન હતી. સુંદર છે તો શું થયું? એમ.એ. બી.એડ્. હોય એમાં શું? મુખ્ય વાત તો કુટુંબમાં ભળીને રહે છે કે નહીં એ છે. ચલો મમ્મી વહેલા મોડા એ બધુ થઇ પડશે. જયારે એ મુંબઇ ગઇ તે પહેલાં કેટલીયે ભલામણો કરતી ગયેલી. મુખ્ય વાત એ હતી કે મારે તેની મમ્મી સામે કોઇ અવિવેક ન કરવો.

પણ મારું નસીબ જ એવું કે અવિવેક થઇ ગયો. લગ્ન પહેલાં હું શહેરની એક પ્રતિષ્ઠિત ખાનગી શાળામાં નોકરી કરતી હતી. લગ્ન ઉનાળાના વેકેશનમાં થયાં એટલે નોકરી અને કુટુંબ વચ્ચે કોઇ તનાવ ઊભો થયો ન હતો. જૂનમાં શાળાઓ ખૂલી અને મેં શાળામાં જવાનું કહ્યું એટલે જાણે કે જવાળામુખી ભભુકી ઊઠ્યો. સાસુમાં વિફર્યાં. 'હવે કેવી સ્કૂલને કેવી નોકરી? તારો ઘર સંસાર સંભાળ. પતિ સારું એવું કમાય છે. અમારા કુટુંબમાં કોઇ સ્ત્રીઓ નોકરી કરતી નથી. સમજ પડી. પતિદેવ ત્યાં જ ઉભેલાં હતા. મેં એમની તરફ જોયું તો તેમણે મોં ફેરવી લીધું. આમ પણ બંને દીકરા શ્રવણકુમાર હતા. બિલકુલ માવડીયા. માંના ઇશારે ઉઠે ને બેસે. દિયર કંઇ કામકાજ કરતો નહોતો. સુવું, ખાવું, ટીવી જોવું અને ભાભી પર રોફ જમાવવો એ જ તેના આખા દિવસનું ટાઇમ ટેબલ હતું. તેને જોઇએ ત્યારે રાંધીને કોણ ખવડાવશે. ભાભી દિવસે સ્કૂલમાં જાય તો મમ્મીને માથે જ આવી જાય. સત્રના પહેલાં દિવસે તો હું સ્કૂલ જઇ શકી નહીં. પણ કલાક પછી જ પ્રિન્સીપાલનો ફોન આવી ગયેલો. બીજા દિવસે સુતેલી સાસુને પ્રણામ કરી હું સ્કૂલ જતી રહી. પાછા આવ્યા પછી જે રોક્કળ થઇ અને જે સાંભળવું પડ્યું એ શબ્દો આજે પણ કાનમાં ગુંજે છે. મારાં માબાપને બોલાવેલાં. કુળનું નાક કપાવ્યાની વાત કરી. તેમણે તો કહ્યું કે નોકરી છોડવાની વાત તો તમે પહેલાં કરી જ નહોતી. પણ એમણે તો જીદ પકડી કે કાં તો નોકરી અથવા સાંસુ? મને આ પ્રાઇવેટ સ્કૂલમાં બહુ મુસીબતે નોકરી મળી હતી. એ લોકો પુરો ગ્રેડ પણ આપતા હતા. તેથી હું જયારે નોકરી છોડવા તૈયાર ન થઇ તો ઘર છોડવાનું નાદીરશાહી ફરમાન છુટ્યું.'

મારી પાસે નોકરી ન છોડવાનું એક નક્કર કારણ પણ હતું. અમને કહેવામાં આવેલું કે અભિલાષ બિઝનેસ કરે છે લગ્ન પછી ખબર પડી કે એ ગ્રેઇન માર્કેટમાં બ્રોકર છે તેની કોઇ નિશ્ચિત આવક નથી. કદાચ તેથી જ તેના માટે સારી છોકરીઓનાં માગાં આવતાં ન હતા. મારા જીવનસાથી આ ફરમાન સાથે સંમત નહોતા. કદાચ એ મારી સાથે વિતેલ અંતરંગ પળો ભૂલી દૂર જવા માંગતા નહતા. પણ માં નો આદેશ તેમના માટે સર્વોપરી હતો. થોડા દિવસ પછી એ મારી પાસે આવ્યા ત્યારે ખુશ હતા. પાડોશીઓના દબાણ અને સસરાજીની સલાહથી એવું નક્કી થયું કે વહુ સાસરામાં ન રહે તો કંઇ નહીં પિયરમાં પણ ન રહે. પતિ-પત્ની ભાડાનું મકાન લઇ રહે. છેવટે એમ જ થયું. મને એમ હતું કે અમે કયારેક ને કયારેક તો ફરી ઘેર પાછા ફરીશું. ત્યારે સાસુમાં અમને માફ કરી દેશે. પણ એક દિવસ અમારું એ સપનું ટૂટી ગયું.

રોવાના અવાજો વધી ગયા હતા. જરૂર નણંદ આવી ગઇ લાગે છે. આ તરફ છ મહિનાથી તેને પોતાના સાસરામાં રહેવું પડ્યું હતું. તેના પતિને કંપનીએ કયાંક ટ્રેનિંગમાં મોકલ્યો હતો. ત્યાં તે પોતાના કુટુંબને લઇ જઇ શકે તેમ ન હતો. નણંદની ઇચ્છા એવી હતી કે એ દિવસોમાં એ પિયરમાં રહેશે. પણ તેની સાસરીવાળાંઓએ ના પાડી દીધી. તેના પતિએ પણ તેને સાથ ન આપ્યો. તેની માં સાથે તેને રોજ વાત થતી. કયારેક ભાઇ સાથે પણ વાત થતી. તેણે તેના ભાઇને સાસરીયાંઓનાં ખરાબ વર્તનની વાત ઘણી વખત કરતી. પણ મને આશ્ચર્ય થયું કે એક દિવસ મારા મોબાઇલ પર તેનો નંબર દેખાયો. મને લોકો પાસેથી એવું સાંભળવા મળેલું કે ઘર છોડ્યું તેનો સૌથી વધુ ગુસ્સો મારી નણંદને હતો. મને લાગ્યું કે એ ગુસ્સો કાઢવા તેણે ફોન કર્યો હશે. પરંતુ ખબરઅંતર પુછીને તેણે ફોન મુકી દીધેલો. દીયરે સાસુમાંના મૃતદેહ પાસે મને જવા ન દીધી. તો નણંદ તો બહાર જ કાઢી મૂકશે. હું પોતાની જાતને એ પરિસ્થિતિ માટે તૈયાર કરવા લાગી. પણ લોકોની વાતચીત પરથી લાગ્યું કે કોઇ બીજું સંબંધી આવ્યું છે. દીકરી તો હજુ રસ્તામાં હતી. બસ થોડીવારમાં આવી જાય. ફોન આવી ગયેલો કે તે આવે નહીં ત્યાં સુધી માં ને કાઢવાં નહીં. કેમ કે સાસુમાંની એ ખુબ લાડકી હતી.

મને એમ થાય છે કે સાસુમા એ મને પણ થોડું વ્હાલ કર્યું હોત તો. જયારે અમે અલગ રહેતાં હતા ત્યારે એક દિવસ એક સંબંધી સ્ત્રી બસ સ્ટેન્ડે મળી ગયેલી. મેં જય શ્રી કૃષ્ણ કહ્યું તો એ એકદમ ઉકળી ઊઠી. 'વહુ શું કામ સાસુનું લોહી પીએ છે. એ રોતી હતી કે હું તો વહુ દીકરાને કાયમ બોલાવું છું. પણ આજકાલનાં જુવાનીયાંઓને જુદાં રહેવામાં જ સુખી થવાય એમ લાગે છે.' એમ બંને વિચારમાં પડી ગયેલા કે આ કેવી ખોટી વાતો થઇ રહી છે. એ તો બીજા-ત્રીજા દિવસે ઘરે જરૂર થતાં હતા. બીજી એક પરિચિત દ્વારા જાણવા મળેલું કે વહુની નિષ્ઠુરતાને કારણે સાસુને બી.પી. રહેવા લાગ્યું છે. મને સાસરામાં જવાની મંજુરી નહોતી. તેથી મેં એક દિવસ મોબાઇલ પર જ સાસુમાંના ખબર અંતર પુછવા ફોન કરેલો ત્યારે એ મનફાવે તેમ બોલેલાં અને ફરી ફોન ન કરવા કહેલું. છતાં જયારે મને ખબર પડી કે સાસુમાં પથારીવશ થઇ ગયા છે તો હું પતિ સાથે ગઇ. એમને ડાયાબિટીશ હતો. મીઠાઇ તો લોભ તેમનાથી છૂટતો નહોતો. સાતમ આઠમના તહેવારોમાં બાંસુદી, રસમલાઇ એવું બધું ખાધેલું. મેં જઇને ચરણસ્પર્શ કર્યા તો તેમણે મોં ફેરવી લીધું.

આજ સવારે તેમના ચાલ્યા જવાના ખબર સાંભળી અમે બંને ઘેર આવી ગયા હતા. મને આવેલી જોઇને દીયર બોલી પડ્યો. 'મારી માં ને ભાભીએ મારી નાંખી એ ઘર છોડીને જતાં રહ્યા એનો આઘાત તેમનાથી સહન ન થયો.' બે પાડોશીઓએ પણ મને નફરતની નજરે જોતાં દીયરની વાતમાં સૂર પુરાવ્યો. એનું પરિણામ એ આવ્યું કે મને તેમના અંતિમ દર્શન માટે મૃતદેહ પાસે જતાં રોકી દેવામાં આવી. દરેક નજર, દરેકની જીભે એ જ સંભળાતું હતું કે 'કભારની વહુએ સાસુને જીવતે જીવ મારી નાખી. કોઇએ મારી પાસેથી જાણવાની કોશિષ ન કરીને હકીકત શું છે.'

આ વખતે સ્ત્રીઓનાં જોરદાર રૂદનથી એ જણાઇ ગયું કે દીકરી આવી ગઇ છે. ચીસો પાડીને રડવાનો તેનો અવાજ પણ સંભળાતો. હું દિવાલ પાસે ઊભી રહીને જોતી હતી કે બને ભાઇઓને તેના પિતા સાચવીને એક તરફ લઇ આવ્યા. રડવાનું ઓછું થતાં તેમણે અભિલાષને કંઇક પુછ્યું. તેમણે મારા તરફ ઇશારો કર્યો એટલે મને તો મારો શ્વાસ થંભી જશે એમ જ લાગ્યું.

તે રડતી રડતી મારી તરફ આવી. તમામ લોકો જાણએ કે ક્ષણની રાહ જોતાં હતા. નણંદ ભાભીની ખબર લેશે. પણ આ શું, એ તો 'ભાભી' કહીને મને વળગી રહી. અમારા બંનેની આંખમાંથી આંસુ વહેતાં હતાં. હું આ શું સાંભળી રહી છું... 'ભાભી હવે તમારે જ ઘરને સંભાળવાનું છે. ઘરનાંઓને પણ સંભાળવાનાં છે. તેમાં તમે જ હિંમત હારી જશો તો...'

સ્વતંત્રતાનો એક ટૂકડો..!! અય મેરે વતન કે લોગો, જરા આંખ મેં ભરલો પાની...!!

જૂનવાણી માનસિકતાની ગુલામી ફગાવી નવા વિચારોનો ફ્રેશ શ્વાસ ફેફસામાં ભર્યો વર્તનમાં સ્વતંત્રતા આણી, તીરંગાના કિરણો લીધાને ગર્વભેર શ્વાસ આઝાદીનો ભર્યો

Hello ફ્રેન્ડસ!

—સંજય થોરાત
hellogandhinagar@gmail.com

૧૫મી ઓગસ્ટ, એક વર્ષ પહેલાં આઝાદ અહીં આવ્યો હતો. એક મોટી સ્યૂટકેસ અને ખભે સેક લટકાવતો એ પ્લેટફોર્મ પર ઉતર્યો. ઓળખાણ વગરની નગરીની ભીડમાં એમ જ એનો એકાદો ઓળખીતો મળે એ આશાએ આંખો ફેરવતો એ બહાર ટેક્ષી સ્ટેન્ડે આવ્યો. મોબાઇલમાં જોઇને એક જણને સરનામું પુછ્યું, '૩૦૦ રૂપિયા થશે' ડ્રાઇવર બોલ્યો. ત્રણસો? અરે, સ્ટેશનથી તો સો જ થાય છે. મારાં એક પિતરાઇ કાકા કહે છે એમને કીધેલું. આ કાકાએ આને એકદમ બે વર્ષનો હતો ત્યારે જોયેલો. એટલે સ્ટેશન પર એ લેવાં આવે એ વાતમાં માલ નહોતો. તો પછી કારણ વગરની ચિંતાઓ કરી વારે ઘડીયે મોબાઇલમાં સૂચનાઓ અને સલાહો આપવાની કયાં જરૂર હતી?

એણે ચુપચાપ સામાન ટેક્ષીમાં મુક્યો અને ખૂણામાં જઇને ગોઠવાયો. 'છુટ્ટા છે ને?' ટેક્ષી ડ્રાઇવરે અરિસો સીધો કરતાં પુછ્યું. એણે હકારમાં માત્ર ડોકું હલાવ્યું. 'બીજા કસ્ટમર શોધીને આવું' એમ કહી બુમો પાડી બે જણને ગોતી લાવ્યો અને એની ટેક્ષી પ્રવાસ શરૂ થયો. પાછળ રેડિયોમાં 'અય મેરે વતન કે લોગો, જરા આંખ મેં ભરલો પાની' ગીત વાગ્યું. બંધ મીટરની પાછળ બે રૂપિયાવાળો પ્લાસ્ટીકનો ભારતીય તિરંગો ફરકવાં લાગ્યો...

એણે બારીમાંથી બહાર ડોકું કાઢ્યું. બહાર ઝરમર વરસાદ હતો. પ્રસિદ્ધ લિંક રોડ પર લહેરાતા પવનથી એના વાળ ઉડવા લાગ્યા. આ અપરિચિત મુંબઇ શહેરમાં એનું પ્રથમ સ્વાતંત્ર્ય એણે એની યાદોમાં સમાવી લીધું. ઇટ વૉઝ અમેઝિંગ ટુ બી ફ્રી. આવતીકાલે એના નવાં કોરા જોબનો પ્રથમ દિવસ છે. એની કૉલેજમાં વિદ્યાર્થીઓમાંથી માત્ર એનેજ આ આવડી મોટી પ્રેસ્ટિજિયસ ફાઇનાન્સ કંપનીમાં પ્લેસમેન્ટ મળી છે. સાડા પાંચનું પેકેજ. ચાર જણ વચ્ચે સહિયારો ફલેટ અને સવારે નવના ટકોરે લેવા આવનારી ગાડી... એન્જિનીયરીંગની એ ચાર વર્ષની હોસ્ટેલની જિંદગી ભાડભીડમાં કાઢેલી. અને એના પ્રમાણમાં આ તો એકદમ જોરદાર હતું. અને આવું જ કાયમ રહે એવી ઇચ્છા કમસે કમ આજના ક્ષણે એને લાગતી હતી...

ભયંકર ટ્રાફિક હતો. છેલ્લા અરધાં કલાકમાં અર્ધો ઇંચ પણ ગાડી આગળ ખસી નહોતી. દરેક રેડિયો સ્ટેશન મચડી રહેલો ડ્રાઇવર માત્ર દેશભક્તિના ગીતો સાંભળતાં છેડાયો હતો. 'દેશ તો આઝાદ હુઆ, લેકિન ટ્રાફિક સે કબ આઝાદી મીલેગી?' આઝાદને જલ્દીમાં જલ્દી એનાં નવાં ફલેટ પર સૉરી નવાં ઘરે પહોંચવું હતું. 'આટલું બધું અંતર છે સ્ટેશનથી ફલેટ સુધીનું?' એણે જાતને જ પ્રશ્ન કર્યો. કૉલેજ, રૂમ, કેન્ટીન, મેસ, એકાદા વિકએન્ડ પર પિક્ચર, પરિક્ષા પતે એટલે નજીકમાં જ આવેલું લોનાવાલા... બિલકુલ નાનકડું વિશ્વ હતું એનું... કયાં આ મુંબઇની ભીડમાં આવીને ભરાયો...?

આઝાદે ગાડીની બારીમાંથી બહાર માથું કાઢ્યું. એની ચારે બાજું અસંખ્ય નાની, મોટી, લાંબી, પહોળી, ઊંચી, ઢીંગણી ગાડીઓની લાંબી લાઇન લાગેલી... સત્તરસોને સાંઇઠ હોર્ન એક જ સમયે એનાં કાને આવીને અથડાતાં હતા. આમ તો એ પણ કયારેક બાળપણમાં સાતમ-આઠમનાં મેળામાં ખોવાયો હશે, પણ આજે એને એ મેળો વધુ સુરક્ષિત લાગતો હતો. આઝાદે એક ઝાટકે માથું અંદર ખેંચી લીધું અને વાળ પર ચોંટેલા વરસાદનાં ટીપાંની સાથે બધાં પ્રશ્નોય ઝાટકી નાંખ્યા. રેર મિરરની જેમ દશ્યોય પાછળ ધકેલાતા ગયા અને છેલ્લો ગાડી ફલેટનાં બોર્ડ સામે આવીને અટકી...

ઝડપથી સામાન ઉતારી પૈસા પકડાવી ડ્રાઇવરને છુટો કર્યો. હવે ચાવી શોધવી પડશે. હોસ્ટેલના રૂમની ચાવી જીન્સના ખીસ્સામાંથી કાયમ સાથળ જોડે કસાયાં કરતી, એટલે છેક ગઇકાલ સુધી. એનો સ્પર્શ પણ આનંદ આપતો. હવે આ ભર ચોમાસે અપરિચિત શહેરમાં ચાવીવાળો કયાંથી શોધીશું? પણ છેલ્લે ચાવી મળી ગઇ, એજ જીન્સ એક ખીસ્સામાંથી. ચાવી મળી ત્યાં લિફ્ટ બંધ. પછી આઝાદ ત્રણ સીડી અને ૩૨ પગથિયાં ફલાંક મારતો ચઢી ગયો, બારણું ખોલી ઝડપભેર ફલેટમાં ઘુસી ગયો. અંદર પગલું મુકતાં જ એક જુની વાસ, કોહવાયેલી વાસ ઘુમરી લેતી હતી. પાછળનું બારણું હવાની થપાટ ખાઇ પછડાઇને સ્વાગત કરતું હતું અને એનો ઇકો સાઉન્ડ ખાલીખમ્મ ઘરમાં ફરતો હતો...

ઘર અચાનક ખુબ જ કાલી લાગવા લાગ્યું. એણે સામાન બાજુના ખુણામાં મુકી ઘરનું નિરીક્ષણ ચાલું કર્યું. રસોડાની બાલ્કનીમાં કબુતરની હગાર પડેલી હતી. છત ઉપર ભેજ લાગેલો છે. ધૂળનાં થર ચડી ગયાં છે. 'હવે મારે શું શું જોઇએ?' એણે ઝાડુ, ડૉલ, પાણી, ગાભાં... લીસ્ટ ચાલુ કર્યું. પોપડાં ઉખડી ગયેલી દિવાસ સામે એકટક જોઇ રહ્યો. સાંજે એકમાત્ર ૪૦નાં બલ્બમાં જુના ગાલિચા બ્રાંડ ટાઇલ્સ ચમકવા લાગી. ખુણામાંનો સામાન ગોઠવાઇને ઘરનો આકાર લેવા લાગ્યો. એકએક કરીને બાકીના ત્રણ પાર્ટનર પર આવી ગયા. બલ્બની જગ્યાએ સફેદ ટ્યુબલાઇટ અને રાત્રે હોટેલનો નજારો અપાવતું હોલમાં ઝુમ્મર પણ લાગી ગયું.

(અનુસંધાન પાના નં. ૬ પર)

સંબંધના સેતુમાં ગેરસમજનું ગાબડું

ગુલમહોર

- દિનેશ દેસાઇ

ઓશોએ કહ્યું છે કે "કોઇ વ્યક્તિને સમજવી કદાચ સહેલું છે. કોઇના માટે ગેરસમજ કરવી એ બાબત પણ કદાચ સહેલી છે. પરંતુ કોઇ વ્યક્તિ માટે તમે ખોટી રીતે ગેરસમજ કરી હતી એ બાબત સમજવી કદાચ ખરેખર ખુબ જ અઘરી છે."

તમે કોઇને પ્રથમ વખત મળો છો, એના આધારે તમે એના વિશે કોઇ નિર્ણય ઉપર ન આવી શકો. કારણ કે ફક્ત થોડીક મિનિટો માટેની મુલાકાત અથવા થોડી જ મિનિટો માટે થયેલી વાતચીત તમારા સંબંધ ઉપર પૂર્ણવિરામ કે પ્રશ્નાર્થ મૂકવાનું તોલમાપ ન બનવું જોઇએ. આ કોઇ ત્રાજવું નથી. થોડી મિનિટો માટે જ વાત કરો એ કોઇ સ્કૅલ યા મૅઝરમેન્ટ નથી કે તમારે કોઇ નિર્ણય ઉપર આવી જવું પડે. આવો નિર્ણય ઉતાવળિયો પણ કહી શકાય.

ઓશો કહે છે એમ કોઇ વ્યક્તિને સમજવી કદાચ સહેલી હોઇ શકે. તમે તરત જ એના વિશે હકારાત્મક યા નકારાત્મક અભિપ્રાય બાંધી શકો. કોઇ વ્યક્તિ માટે તમે ગેરસમજ કરો તો એ પણ શક્ય છે. તમે બહુ જલદીથી કોઇના માટે ધારણા, અનુમાન યા પૂર્વગ્રહ રાખી શકો. પરંતુ ઓશો કહે છે એમ, કોઇ વ્યક્તિ માટે તમે એક સમયે ખોટી ધારણા બાંધી હતી યા ગેરસમજ કરી બેઠા હતા એ વાત સમજવી અને સ્વીકારવી કદાચ સૌથી વધુ અઘરી છે.

અહીં, સવાલ સત્વ અને સ્વત્ત્વનો આવે છે. અહમ્ને ઓગાળવાની વાત આવે છે. તમે જ ન્યાયાધીશ તરીકે તમને દોષ દઇ શકતા નથી. તમે જ ભૂતકાળમાં ખોટા હતા એવું સ્વીકારવું કદાચ તમારા માટે કઠિન હોય છે. તમે જ ભૂતકાળમાં કોઇ વ્યક્તિ માટે ગેરસમજ કરી હતી એ વાત સમજવી તમારા માટે અઘરી થઇ પડે છે. કારણ કે વ્યક્તિનો માનવસહજ સ્વભાવ હોય છે કે પોતે તો હંમેશા સાચો જ હોય છે. પોતાનાથી તો કોઇ ભુલ થઇ શકે જ નહીં. પોતે તો કોઇ જ ભુલ ન કરે. પોતાનાથી તો કોઇ દોષ થાય જ નહીં. જો કોઇ દોષ હોય તો એ સામી વ્યક્તિના હોઇ શકે.

પ્રેમ એટલે સમજણ, પ્રેમ એટલે સમર્પણ, પ્રેમ એટલે સંવાદ, પ્રેમ એટલે અકળથી સકળ સુધીની યાત્રા, પ્રેમમાં કશું અકળ ન હોઇ શકે, પ્રેમમાં બધું સકળ અને બધું જ સરળ જ હોઇ શકે

વાત અહમ્ની છે. અહમ્નો ત્યાગ કરવાની વાત છે. "હું કોઇ દિવસ ખોટો હોઉં જ નહીં." આવી માનસિકતા છોડવાની જરુર છે. "હું" છોડીને "અમે"નું સાયુજ્ય રચાય ત્યારે પ્રેમનું મેઘધનુષ જોવા અને અનુભવવા મળે. "અમે" અને "આપણે"ની લાગણીનાં અમીરસનું સિંચન થાય ત્યારે પ્રેમ પાંગરે છે. પ્રેમ પલ્લવિત થઇ ઊઠે છે. પ્રેમમાં જે કંઇ છે તે "મારું-તારું" નહીં પરંતુ "આપણું" હોય.

સંબંધોની ઇમારત શ્રદ્ધા અને વિશ્વાસના પાયા ઉપર ટકી રહે છે. એમાં સમજ અને સમજણ ખુબ મહત્વની છે. ગેરસમજનો અગ્નિ બધું જ બાળી શકે છે. પ્રેમ એટલે સમજણ. પ્રેમ એટલે સમર્પણ. પ્રેમ એટલે સંવાદ. પ્રેમ એટલે અકળથી સકળ સુધીની યાત્રા. પ્રેમમાં કશું અકળ ન હોઇ શકે. પ્રેમમાં બધું સકળ અને બધું જ સરળ જ હોઇ શકે.

પ્રેમ એટલે શ્રદ્ધા અને વિશ્વાસ. જે સંબંધમાં શંકા અથવા સંશય આવે, અવિશ્વાસ આવે ત્યાં પ્રેમ મુરઝાય છે, મુંઝાય છે, કરમાય છે. તમને જેના પ્રત્યે પ્રેમ હોય એ દિવસ કહે તો દિવસ અને એ રાત કહે તો રાત, એની દરેક વાતમાં સચ્ચાઇનો રણકો અનુભવાય એનું નામ પ્રેમ. એની વાતમાં તમને શંકા યા સંશય જોવા મળે તો એવા સંબંધમાં પ્રેમ ન જ હોય. તમે જો એમાં પ્રેમ માની બેઠા હો તો એ તમારી ભુલ જ કહેવાય. એ પ્રેમ નહીં, પણ પ્રેમ નામનો માત્ર આભાસ જ હોઇ શકે.

પ્રેમમાં છળ યા કપટને કોઇ સ્થાન ન હોઇ શકે. પ્રેમમાં સત્ય મુખ્ય હોય. અસત્યની ગેરહાજરી હોય ત્યાં પ્રેમ પાંગરે અને ટકે, વિકસે. જો સંબંધમાં ખોટું બોલવું પડે, જૂઠનો સહારો લેવો પડે તો એમાં વળી પ્રેમ ક્યાં આવ્યો? પ્રેમ તમને જૂઠું ન બોલાવે. પ્રેમ તો એક પવિત્ર સંબંધનું સરનામું છે. પ્રેમ તમને કોઇ ખોટું કાર્ય પણ ન કરાવે. પ્રેમ તમને અસત્ય પણ ન બોલાવે. પ્રેમ તમને એવી પરિસ્થિતિમાં ન મૂકી દે કે તમારે જૂઠનો સહારો લેવો પડે.

પ્રેમમાં બે વ્યક્તિ માનસિક સ્તર ઉપર બે મટીને એક બને છે. એક અસ્તિત્વ. જેમાં એકમેકના વ્યક્તિત્વનો સંપૂર્ણ આદર અને સ્વીકાર હોય. એકમેકની ખામીઓનો પણ સ્વીકાર અને ખુબીઓનો પણ સ્વીકાર. પરંતુ પ્રેમ એટલે કોઇ ખાબોચિયાનું ગંદુ પાણી નહીં. પ્રેમ એટલે નિરંતર વહેતી આનંદધારા. પ્રેમમાં તમે તમારા વ્યક્તિત્વને નિખારી શકો, સુધારી શકો.

એકમેકનો આદર એટલે એકમેકને ગમતી વૃત્તિ અને પ્રવૃત્તિ. પરંતુ જીદનું નામ પ્રેમ ન હોઇ શકે. તમારા આગ્રહ-અભિગ્રહ તમારી ગમતી વ્યક્તિ ઉપર લાદી ન શકાય. જો કે સમાન સ્તરે એ વાત પણ એટલી જ યોગ્ય છે કે તમારા પ્રિયજનને શું ગમે છે અને શું નથી ગમતું, એનો આદર પણ થવો ઘટે. પોતાની જાતને પણ આદર આપવો રહ્યો અને પોતાના પ્રિયજનને પણ આદર આપવો રહ્યો.

પ્રેમ એટલે પ્રિયજન કહે એમ કરવું એવું નહીં. પરંતુ પ્રિયજનની સાથે પ્રેમની સફરમાં એકમેકને હેત અને હળવાશ આપતા રહેવું. સંબંધનો ભાર લાગવા માંડે અને સંબંધ માત્ર નિભાવવા પડે છે, એવું લાગવા માંડે ત્યારે તમારા ખભાને એવા સંબંધનો ભાર લાગે છે. એવા સંબંધને તડકે મૂકી દેવા જોઇએ. એવા સંબંધનું નામ કદી પ્રેમ ન હોઇ શકે.

પ્રેમ નામના સંબંધમાં તમારે એકમેકના પહેરેદાર કે ચોકીદાર બનવાનું નથી. એકમેકના પૂરક અને પ્રેરક બનવાનું છે. હા, એકમેકનું હિત સાચવવાની જવાબદારીનું નામ પણ પ્રેમ. તમારા પ્રિયજનને મુશ્કેલીમાંથી બચાવો એનું નામ પણ પ્રેમ. તમારા પ્રિયજન ઉપર કોઇ મુસીબત આવી રહી હોવાનું તમે જોઇ શકો અને છતા તમે ચુપચાપ જોયા કરો એ કોઇ પ્રેમ ન હોઇ શકે.

સ્ટોપર :

"પ્રેમમાં વેરની નહીં, અવેરની જરુર છે. વેરને સમાવી શકે એ જ પ્રેમ."

—નિત્સ